

# ખુરશીદે હિદાયત

## હિદાયતનો સૂરજ

ઈમામ રઝા (અ.સ.)ના જીવન ઉપર એક નજર

# ખુરશીદે હિદાયત

## (હિદાયતનો સૂરજ)

(ઈમામ રેઝા (અ.સ.)ના જીવન ઉપર એક નજર)

**પ્રથમ આવૃત્તિ**

**વર્ષ: ૨૦૨૫**

# અનુક્રમણિકા

૧. વિલાદત:........................................................8
૨. રેઝા લકબ:..................................................12
બની-ઉમય્યા વિરૂદ્ધ બની-અબ્બાસની
ચળવળ:............................................................13
૩. પનાહ વિહોણાની પનાહ:.....................16
ઈમામ રેઝા (અ.સ.)ના લકબ:..................20
૪. આલીમે આલે મોહમ્મદ (સ.અ.વ.) –
(મોહમ્મદ (સ.અ.વ.)ના ખાનદાનના
આલીમ):........................................................24
૫. ઈમામત.....................................................29
ઈમામતના ઉચ્ચ હોદ્દા (પદ)ને સમજવાની
મુશ્કેલી:..........................................................47

ઈમામ રેઝા (અ.સ.)ની ઈમામતનો સમયગાળો: .......... 54
ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.)ની શહાદત: .......... 56
૬. નમાઝે બારાન (વરસાદની નમાઝ): .. 57
૭. એહલેબૈતની ગરીમા: .......... 78
વિલાયતની શાન: .......... 96
વિલાયતે તક્વીની (સૃષ્ટિનું નિયંત્રણ): 98
વિલાયતે તશરીઈ (શરીઅત ઉપર નિયંત્રણ): .......... 99
કુરઆનમાં આધાર: .......... 100
૮. વાત કરો: .......... 106
સવાલો: .......... 115

## પ્રકાશકનું વક્તવ્ય

આપણી માસૂમ ઈમામો(અ.મુ.સ.)ને ઓળખવાની જરૂરિયાત, એક તરસ્યા મુસાફરની પાણીની જરૂરિયાત કરતાં પણ વધુ છે.

આ મહાન વ્યક્તિઓ ઉમ્મતના હાદી છે, અને આપણે ચાહીએ છીએ કે હંમેશા હિદાયતના રસ્તા ઉપર ચાલીએ. હિદાયતના તલબગારોની પહેલી જવાબદારી એ છે ખુદાની હુજ્જતોને ઓળખે, અને તેમના મકામ (દરજ્જા)ને સમજે, જેથી અલગ અલગ મક્તબોની વિચારધારાઓના કોલાહલ વચ્ચે, તેઓ

મૃગજળને પાણી ન સમજે અથવા ખોટા દાવાઓ ઉપર વિશ્વાસ ન કરે.

આ જરૂરિયાત, આપણા માટે મહત્ત્વપૂર્ણ છે કે જેમને ઈમામ રેઝા (અ.સ.)ની ઝિયારતનો શરફ મળ્યો છે, કારણ કે માઅરેફત જ ઝીયારતની રૂહ છે, અને જેટલી માઅરેફત વધારે હોય છે, એટલી જ ઝિયારતથી હાસિલ થનારી બરકતો પણ વધારે હોય છે.

આ કિતાબના લેખકે આમાં પ્રયત્ન કર્યો છે કે, ખુદાની આઠમી હુજ્જત, ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.)ની ઝિંદગીના કેટલાક પાસાઓને

યુવાનો માટે એક તોહફા રૂપે પ્રસ્તુત કરવામાં આવે.

અમે શરૂઆતમાં જ આ વાત કબૂલ કરીએ છીએ કે ન તો આ મર્યાદિત પાનાંઓ, અને ન તો સેંકડો અન્ય કિતાબો પણ આ મહાન ઈમામ (અ.સ.)ની બધી રિવાયતોના થોડા એવા ભાગને પણ વર્ણવી શકતી નથી. પરંતુ જો આ પાનાઓ કોઈ એક દિલને પણ ઈલાહી દરવાજા સુધી લઈ જઈ શકે, અને તે 0ઈન્સાનનો કરાર ઈમામ (અ.સ.) સાથે તાજો કરી શકે, તો તે એક મોટી તૌફીક હશે.

આપણે ખુદાએ તઆલાને દોઆ કરીએ કે લેખક, પ્રકાશક અને વાંચકોને ઈમામ રેઝા (અ.સ.)ના સાચા વસી હઝરત બકીય્યતુલ્લાહ (અ.સ.)ની દોઆઓમાં શામિલ કરે. આમીન, યા રબ્બુલ આલમીન!

**૧. વિલાદત:**

જનાબે નજમા ખાતૂન (સ.અ.) ફરમાવે છે: જ્યારે (મારા ફરઝંદ ઈમામ રેઝા અ.સ.) મારા ગર્ભમાં હતા, તો મેં આ ગર્ભનો ભાર કદી પણ મહસૂસ નથી કર્યો. અને જ્યારે આરામ કરતી, તો અંદરથી અલ્લાહનો ઝિક્ર, તસ્બીહ, તહલીલ અને

તમ્જીદ[1]ની આવાજો સાંભળતી, જે મને સુકુન આપતી કરી દેતી. જ્યારે બીમાર પડતી, તો કોઈ પણ તકલીફ મેહસૂસ ન કરતી. જ્યારે તેમનો જન્મ થયો તો મેં જોયું કે નવજાત બાળકે પોતાના હાથ જમીન ઉપર ટેકવ્યા, આકાશ તરફ માથું ઉંચક્યું, અને હોઠ હલાવ્યા. જાણે કે તે કોઈ સાથે વાત કરી રહ્યું હોય !

આ વખતે, તેમના પિતા ઈમામ મૂસા બિન જઅફર (અ.સ.) આવ્યા, અને મને ફરમાવ્યું: 'અય નજમા ! તમારા ઉપર

---

[1] તસ્બીહ: સુબ્હાન અલ્લાહ, તહલીલ; લા એલાહ ઈલ્લલ્લાહ, તમ્જીદ: અલ્લાહો અકબર

રબ્બે કરીમની કરામત મુબારક થાઓ'. પછી નવજાત બાળકને સફેદ કપડામાં લપેટ્યું. તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં એકામત કહી. અને ફુરાતનું પાણી માંગ્યું અને તે પાણીમાં તેનુ મોઢુ ધોયું અને બાળકને મને પરત કરી અને ફરમાવ્યું:

**"આ બાળકને સંભાળો, કેમ કે આ ઝમીન ઉપર ખુદાની હુજ્જત બનશે."** [2]

મશ્હુર રિવાયતો પ્રમાણે, ઈમામે રેઝા (અ.સ.)ની વિલાદત 11મી ઝિલ્કાદ, હિ.સ.

---

[2] કિતાબ: ઓયુને-અખ્બારે-એ-રેઝા (અ.સ.) ભાગ 1 પાના નં: 20

૧૪૮ માં મદીનએ મુનવ્વરામાં થયો હતો. આપ (અ.સ.)ના પિતાનું નામ ઈમામ મુસા બિન જઅફર (અ.સ.) અને આપ (અ.સ.)ની માતાનું નામ જ. નજમા (સ.અ.) હતું કે જેઓને નુબીયહ અને તુક્તમ પણ કહેવામાં આવે છે.

આપ (અ.સ.)નું નામ ખુદાવંદે તઆલા ની હિકમતથી આપના પિતા (અ.સ.) દ્વારા "અલી" રાખવામાં આવ્યું. આપ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને ઈમામ સજ્જાદ (અ.સ.) પછી, ત્રીજા ઈમામ હતા કે જેમને ખુદાએ "અલી" નામથી નવાજ્યા. સલ્વાતુલ્લાહે અલૈહિમ અજમઈન.

## ૨. રેઝા લકબઃ

બઝન્તી કહે છેઃ મેં ઈમામ જવાદ (અ.સ.) ની ખીદમતમાં અરઝ કરીઃ "કેટલાક આપના વિરોધીઓ એવો ખ્યાલ કરે છે કે આપના પિતાને 'રેઝા' લકબ મામૂન તરફથી મળ્યો છે, કારણ કે આપના વાલિદે મામૂનની વલી-એહદી (ઉત્તરાધિકારી) બનવાનું કબૂલ કર્યું."

ઈમામ જવાદ (અ.સ.) ફરમાવે છેઃ

"ખુદાની કસમ! જેઓએ મારા પિતા વિશે આવી વાત કહી, તેઓએ જુઠ્ઠું બોલ્યું અને મોટો ગુનાહ કર્યો. બલ્કે હકીકત એ છે કે ખુદાએ તઆલા એ તેમને 'રેઝા'

નામથી નવાજ્યા છે, કારણ કે આપના વિરોધીઓ પણ, આપના સમર્થકોની જેમ, આપનાથી રાજી હતા." [3]

**બની-ઉમય્યા વિરૂદ્ધ બની-અબ્બાસની ચળવળ:**

બની-અબ્બાસે બની-ઉમય્યા વિરૂધ્ધ પોતાની ચળવળ "અર-રેઝા મિન આલે મોહમ્મદ" (આલે મોહમ્મદમાંથી રેઝા અ.સ.)ના નારાથી શરૂ કરી. અને આ નારાથી તેઓએ ઘણા સીધા સાદા લોકોને

---

[3] ઓયુને-અખ્બારે-એ-રેઝા (અ.સ.),શેખ સદૂક, ભાગ 1, પાના નં 2 અને બેહારૂલ અન્વાર, અલ્લામા મજલિસી, ભાગ 4, પાના નં 49

ફસાવ્યા. તેઓએ "આલે મોહમ્મદ" શબ્દનું ખોટું અર્થઘટન કર્યું, જાણે કે તેઓના માટે તે ખાસ હોય અને એવો દાવો કરતા હતા કે તેઓ એહલેબૈત (અ.મુ.સ.)ની રઝામંદી તલબ કરી રહ્યા હોય, જ્યારે કે બની ઉમય્યાની જેમ બની અબ્બાસ પણ એહલેબૈત(અ.મુ.સ)ના દુશ્મન હતા.

બની-અબ્બાસના ખલીફાઓ કે જેઓ લોકોને છેતરી રહયા હતા જ્યારે તેમને ખબર મળી કે આઠમા ઈમામ (અ.સ.)ને ખુદાએ "રેઝા"* લકબ આપ્યો છે, તો તેઓએ આપને વલી-એહદી

(ઉત્તરાધિકારી) બનાવવા માટે બોલાવ્યા અને એવો પ્રચાર કર્યો કે આ લકબ બની-અબ્બાસ દ્વારા આપને આપવામાં આવ્યો છે !

પરંતુ આ હદીસમાં આપણે જોઈએ છીએ કે ઈમામ જવાદ (અ.સ.) બની-અબ્બાસના આ જુઠ્ઠા દાવાનો જવાબ આપે છે અને એ વાત ઉપર જોર આપે છે કે ઈમામ રેઝા (અ.સ.)નું નામ અને લકબ, બાકીના માસૂમ ઈમામોની જેમ, અલ્લાહ તઆલા દ્વારા આપવામાં આવેલ છે નહી કે તે કોઈ લોકો દ્વારા, ખાસ કરીને બની-અબ્બાસ જેવા નાપાક લોકો દ્વારા આપવામાં આવેલ નથી.

### ૩. પનાહ વિહોણાની પનાહ:

મશહદના આસ્તાન-એ-કુદ્સ એ રઝવીના એક ખાદિમ કહે છે:

"હું દારૂલ હુફ્ફાઝમાં સૂતો હતો, સ્વપનમાં મેં જોયું કે હરમે મુતહ્હરનો દરવાજો ખુલ્યો અને ઈમામ રેઝા (અ.સ.) બહાર આવ્યા. મને ફરમાવ્યું: 'ઉઠો અને જાઓ, ગુલદસ્તાના બુઝાયેલા દીવાઓને ફરીથી રોશન કરો[4], કારણ કે બહેરૈનથી કેટલાક ઝાએરીન આવ્યા છે અને મશહદની નજીક રસ્તો ભટકી ગયા છે.

[4] આ બનાવ આજથી લગભગ 150 વર્ષ પહેલાંનો છે. તે સમયમાં રોશનીની વ્યવસ્થા આજના જેવી ન હતી.

તેઓ આમ તેમ ભટકી રહ્યા છે, અને બરફ પણ પડી રહ્યો છે. તમે જાઓ અને મીર્ઝા તકી મુતવલ્લીને કહો કે શમા (મશાલ) અને દીવાને રોશન કરો, અને થોડાક ખાદિમોને સાથે લઈને જાવ અને તેઓને લઈ આવો.'

મેં નીંદરમાંથી જાગીને મુતવલ્લી સાહેબ પાસે જઈ તેમને જગાડયા અને મારા સ્વપનની સંપૂર્ણ વાત તેમને કરી."

તેમણે પણ ઊઠીને કેટલાક ખાદિમોને સાથે લઈ શમા (મશાલો) સાથે રસ્તા તરફ ચાલવા લાગ્યા. જ્યારે અમો તેમની નજીક પહોંચ્યા, તો ભટકતા

ઝાએરીનોને ઠંડી અને અંધારામાં શોધી કાઢ્યા. તેમની હાલત વિષે પૂછતા, તેમણે જણાવ્યું:

'અમે તોફાન અને બરફવર્ષામાં ફસાઈ ગયા હતા અને રસ્તો ખોવાઈ ગયો હતો. એવી હાલત થઈ કે અમે મૃત્યુ માટે તૈયાર થઈ ગયા હતા. અમે એકબીજા સાથે ભેગા થયા અને ગીર્યા ઝારી (દોઆ-મુનાજાત) કરવા લાગ્યા. ત્યારે એક ઝાએર, કે જે ઈલ્મ અને તકવાવાળો હતો, તેને થોડી ક્ષણો માટે નીંદર આવી ગઈ.

જ્યારે તે જાગ્યો, તો તેણે જણાવ્યું કે હવે આપણે બચી જઈશું, કારણ કે ઈમામ

રેઝા (અ.સ.) અહીં તશરીફ લાવ્યા છે અને ફરમાવ્યું છે: "ઊઠો ! મેં હુકમ આપ્યો છે કે ગુલદસ્તાના બુઝાયેલા દીવાઓને ફરીથી રોશન કરવામાં આવે. તમે રોશની તરફ ચાલવાનું શરૂ કરો, મુતવલ્લી તમારૂ સ્વાગત કરવા આવશે."

અમે પણ ઈમામ (અ.સ.)ના હુકમ ઉપર ઊઠીને ચાલવા લાગ્યા, અને આમ તમારી સાથે મળી ગયા.

મુતવલ્લીએ સંપૂર્ણ માન અને સમ્માન સાથે ઝાએરોને શહેરમાં લઈ આવ્યા અને

તેઓની વ્યકિગત સરભરા (ખાતિરદારી) કરી.[5]

**ઈમામ રેઝા (અ.સ.)ના લકબ:**

غَوۡثُ اللّٰھُغَان "ગવ્સુલ લહગાન" એ ઈમામ રેઝા (અ.સ.)નો એક લકબ છે જેનો અર્થ થાય છે (પરેશાનહાલ લોકોની મદદે પહોચનારા)

ઈમામ સાદિક (અ.સ.) પોતાના પુત્ર ઈમામ કાઝિમ (અ.સ.) વિશે ફરમાવે છે:

---

[5] દારાલ્ઈસ્લામ મુહદ્દિસ નૂરી (રહ.)ની કિતાબ - "આઠમા ઈમામના જીવન પર" પાના નં 66 ઉપર ઉલ્લેખ છે.

يُخْرِجُ اللهُ تَعَالَى مِنْهُ غَوْثَ هٰذِهِ الْأُمَّةِ وَ

غِيَاثَهَا وَ عِلْمَهَا وَ نُورَهَا وَ فَهْمَهَا وَ حِكْمَتَهَا

**"ખુદાવંદ તઆલા મારા પુત્ર મૂસા (અ.સ.)માંથી એવા ફરઝંદને જાહેર કરશે કે જેઓ આ ઉમ્મતના પનાહગાહ અને મદદગાર હશે, અને તેઓ તેમનુ ઈલ્મ, નૂર, સમજ અને હિકમતનો સ્રોત હશે."[6]**

---

[6] ઉસૂલ-એ-કાફી, ભાગ 2 - બાબ-એ-શારાહ વા નસ્સ અલા હઝરત અબુલ હસન અર-રેઝા (અ.સ.) વિશે. હદીસ નંબર 92, પાના નં 92

ઈમામ રેઝા (અ.સ.)ની અજાયબી ભરી મદદ તેમના જીવન દરમિયાન તેમજ શહાદત પછી પણ, અલગ-અલગ રીતેની મદદ લોકોને આશ્ચર્ય પમાડનાર છે. કોઈ વાર લોકોની મુશ્કેલી ટૂંકા સમયમાં તો કોઈ વાર લાંબા સમય પછી તવસ્સુલ કર્યા પછી હલ કરે છે. કોઈ વાર પોતાના હાથે તો કોઈ વાર બીજાઓ દ્વારા મદદ પહોંચાડે છે.

ઈમામ રેઝા (અ.સ.) લોકોની મુશ્કેલીઓ એવી રીતે દૂર કરે છે કે પરેશાન વ્યક્તિ સમજી જાય છે કે તેમની

મુશ્કેલી આ મહાન હસ્તીના હાથે હલ થઈ છે.

એ યાદ રાખવું જોઈએ કે માસૂમ ઈમામો (અ.સ.) ખુદાના બંદા છે. તેમના હાથે મુશ્કેલીનો હલ થવું એ ખુદાએ તઆલા પાસે દોઆનો કબૂલ થવા જેવું છે. ખુદાવંદ કોઈની જરૂરિયાત તરત પૂરી કરે છે, તો કોઈની વર્ષો પછી. અને કોઈ વાર તો મનુષ્યની ભલાઈમાં જ તેની જરૂરિયાત પૂરી ન કરે, કારણ કે મનુષ્ય અજ્ઞાનતાના કારણે કોઈ એવી વસ્તુ માંગી લે છે જે તેના લાભમાં નથી.

તે વાત સ્પષટ છે કે જેટલી માણસની મઅરેફત ખુદા અને તેની માસૂમ હુજ્જતો (અ.સ.) પ્રત્યે વધે, તેટલી જ તેમની સામે તસલીમ (સમર્પણ) વધે છે અને પોતાના તવસ્સુલને પણ તસ્લીમની સાથે ચાલુ રાખે.

**૪. આલીમે આલે મોહમ્મદ (સ.અ.વ.) – (મોહમ્મદ (સ.અ.વ.)ના ખાનદાનના આલીમ):**

ઈસ્હાક બિન મૂસા બિન જઅફર (રહ.) નકલ કરે છે કે ઈમામ મુસા બિન જઅફર (અ.સ.)એ પોતાના પુત્રોને ફરમાવ્યું: "મારા દીકરાઓ ! તમારો ભાઈ

અલી બિન મૂસા (અ.સ.) આલે મોહમ્મદના આલિમ છે, તમારા દીનના મઆરીફ અને જાણકારીઓ બાબતે તેમને પુછો અને તેમની વાતોને સંભાળથી સાચવો." હઝરત (અ.સ.)એ પછી ફરમાવ્યું: "મેં મારા પિતા ઈમામ જઅફર-એ-સાદિક (અ.સ.) પાસેથી સાંભળ્યું છે કે આપ (અ.સ.) વારંવાર ફરમાવતા હતા : “આલીમે આલે મોહમ્મદ (સ.અ.વ.) તમારી સુલ્બ (વંશ)માથી હશે.” [7]

"આલીમે આલે મોહમ્મદ" એટલે કે મોહમ્મદ (સ.અ.વ)ના ખાનદાનના

---

[7] મુન્તહયુલ આમાલ, ભાગ 2, પાના નં 200

આલીમ. આ લકબ કેટલીક રિવાયતોમાં ઈમામ રેઝા (અ.સ.) માટે વપરાયો છે. આપણે જાણીએ છીએ કે બધા ઈમામો (અ.સ.) પયગમ્બર (સ.અ.વ.)ના ઈલ્મના વારિસ અને દિને મુબીન (સ્પષ્ટ દીન) ના આલીમ છે. પણ બધા મહાન ઈમામોમાંથી ફક્ત ઈમામ રેઝા (અ.સ.)ને જ આ લકબ કેમ મળ્યો ?

આનું કારણ એ હોઈ શકે કે ઈમામ (અ.સ.)એ ઈસ્લામી ઈલ્મને વિશાળ પ્રમાણમાં ફેલાવ્યું હતું, કારણ કે તેમને એવો અવસર (મૌકો) મળ્યો જ્યાં આપ (અ.સ.)એ અગાઉ ન બયાન થયેલ

હકીકતોને જાહેર કરી. અને બાતીલ લોકોની સામે મજબૂત દલીલો દ્વારા હક (સત્ય)નો માર્ગ હક તલબ કરનારાઓને બતાવ્યો.

આ જ કારણોસર, ખ્વાજા નસીરૂદ્દીન તુસી (રહ.) દ્વારા લખાયેલ મશહૂર સલાવાતમાં, જે હઝરત હુજ્જત-ઈબ્ન-અલ-હસન (અ.સ.) અને તેમના અજદાદ(પૂર્વજો)ની સિફતો વિશે છે, તેમાં ઈમામ બકિયતુલ્લાહ (અ.ત.ફ.શ)ની સિફતોમાંથી એક સિફત કે જે ઈમામ રેઝા (અ.સ.) પાસેથી લીધેલ છે, તે ( الحجج الرضويه) "અલ હોજજુર રઝવિય્યા"

(ઈમામ રેઝાની અજોડ દલીલો) તરીકે વર્ણવવામાં આવી છે.

આ મહાન ઈમામ (અ.સ.)એ માનવજાતિને સૌથી મોટી ઈલ્મી ખિદમત પ્રદાન કરી છે. પ્રમાણમાં પ્રતિકૂળ માહોલમાં, તેમણે દીની અને દુન્યવી ઈલ્મોની તફસીલાત (વિગતો) દુનિયાભરના લોકોના લોકો સુધી પહોંચાડી. પહેલાંના ઈમામોના સમયમાં પરિસ્થિતિ અનુકૂળ ન હોવાથી દીનના સંપૂર્ણ હકાએક (સત્યો) બયાન થઈ શકયા ન હતા. પરંતુ ઈમામ રેઝા (અ.સ.)એ હકના (સત્યના) દાવેદારોનાની

સામે શિઆ મકતબની સંપૂર્ણતાને સૂર્ય કરતાં પણ વધુ સ્પષ્ટ રીતે સાબિત કરી બતાવી.

**૫. ઈમામત**

મોહમ્મદ બિન ફઝલ હાશમી (રહ.) કહે છે: "ઈમામ મૂસા બિન જઅફર (અ.સ.)ની શહાદત પછી, મેં બગદાદથી મદીના સફર કર્યો. ઈમામ રેઝા (અ.સ.)ની ખિદમતમાં હાજર થયો, અને આપ (અ.સ.)ને મુસ્લિમોના વલી-એ-અમ્ર તરીકે સલામ કરી. મારી પાસે જે કંઈ હતું તે આ ઈમામને સોંપ્યું. મેં અરઝ કરી: 'હું બસરા જવાની યોજના બનાવું છું, ત્યાંના

લોકો ઈમામતના મુદ્દા ઉપર ઘણા મતભેદોમાં છે. તેઓ મારી પાસે આપની ઈમામતના પુરાવા વિશે પૂછશે. શું તમે મને કોઈ દલીલ આપી શકો જેના વડે હુ તેમને જવાબ આપી શકું?

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"ઈમામતના મુદ્દે ચિંતા ન કરો. મારા તરફથી મારા દોસ્તોને કહો કે હું જલ્દી જ તેમની પાસે આવીશ."

પછી ઈમામ (અ.સ.)એ રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની કેટલીક યાદગાર વસ્તુઓ મને બતાવી.

મેં અરઝ કરી: "આપ બસરા ક્યારે તશરીફ લાવશો ?"

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "તમારા બસરા પહોંચ્યા પછી ત્રણ દિવસમાં."

જ્યારે હું બસરા પહોંચ્યો, તો લોકોએ ઈમામ (અ.સ.) વિશે પૂછયું. મેં કહ્યું: "હું ઈમામ મૂસા બિન જઅફર (અ.સ.)ની શહાદતથી એક દિવસ પહેલાં તેમની ખિદમતમાં હાજર હતો. તેમણે ફરમાવ્યું: 'હું જલ્દી જ દુનિયાથી ચાલ્યો જઈશ. જ્યારે મને કબ્રમાં દફનાવો, તો થોડી વાર રોકાઈ જજો અને આ અમાનતો લઈને મદીનામાં મારા ફરઝંદ અલી બિન મૂસા

(અ.સ.) પાસે પહોંચજો, કારણ કે તેઓ જ મારા પછી વસી અને ઈમામ છે.'"

"મેં ઈમામ મૂસા બિન જઅફર (અ.સ.) ના હુકમ પ્રમાણે કર્યું. તમે પણ જાણી લો કે ઈમામ અલી બિન મૂસા (અ.સ.) ત્રણ દિવસમાં અહીં આવશે. તમે જે પૂછવા માંગો, તે તેમને પૂછી શકો છો."

આ સમયે, અમ્ર બિન હદ્દાબે[8] વાત શરૂ કરી અને કહ્યું: "હસન બિન મોહમ્મદ પયગમ્બર (સ.અ.વ.)ના ખાનદાનના નેક લોકોમાંથી છે, જેઓ વરઅ (ઉચ્ચ કક્ષાની

---

[8] અમ્ર બિન હદ્દાબ - એક નાસેબી (શિઆ વિરોધી) અને એહલેબૈત (અ.મુ.સ)નો દુશ્મન.

પરહેઝગારી), ઝોહદ અને ઈલ્મ સાથે સાથે વયની દૃષ્ટિએ પણ મોટા છે અને આ દૃષ્ટિએ તો અલી બિન મૂસા (અ.સ.), જે માત્ર એક જુવાન છે, તેના કરતાં તેઓ વધુ યોગ્ય છે."

"શું અલી બિન મૂસા (અ.સ.) મુશ્કેલ પ્રશ્નોના જવાબ આપવામાં અસમર્થ નહીં નિવડે ?"

હસન બિન મોહમ્મદ, જે મજલિસમાં હાજર હતા, તેમણે કહ્યું: "અય અમ્ર ! આમ ન કહો ! અલી બિન મૂસા (અ.સ.) બીજાઓ ઉપર એવી ફઝીલત ધરાવે છે જે વર્ણવવામાં આવી છે. આ મોહમ્મદ

બિન ફઝલ કહે છે કે અલી બિન મૂસા (અ.સ.) ત્રણ દિવસમાં અહીં આવશે. તેમનું આવવું જ તમારા માટે સૌથી મોટી દલીલ હશે."

આ વાત પછી લોકો વિખેરાઈ ગયા.

મારા બસરા પહોંચ્યા પછી ત્રણ દિવસે, ઈમામ રેઝા (અ.સ.) બસરા તશરીફ લાવ્યા અને હસન બિન મોહમ્મદના ઘરે પધાર્યા અને ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"અય હુસૈન બિન મોહમ્મદ! જે બધા લોકો તે દિવસે મોહમ્મદ બિન ફઝલ પાસે આવ્યા હતા, શિઆઓ અને ગૈર

શિઆઓ, સાથે જ જાસ્લીક[9] (ખ્રિસ્તી ધર્મગુરૂ) અને રઅસ-ઉલ-જાલૂત[10] (યહૂદીઓના સરદાર)ને..."

"બધાને બોલાવો અને કહો કે તેઓ જે પૂછવા માંગે છે તે પૂછી શકે છે."

હસન બિન મોહમ્મદે ઈમામ (અ.સ.) દ્વારા કહેવાયેલા બધા લોકોને, સાથે જ ઝૈદીયા[11] અને મોઅતઝેલા[12]ને બોલાવ્યા,

---

[9] જાસ્લીક - તે સમયના ખ્રિસ્તી ધર્મગુરૂઓ માટે વપરાતો શબ્દ.

[10] રઅસ-ઉલ-જાલૂત - યહૂદીઓના સરદારને કહેવામાં આવતા હતા.

[11] ઝૈદીયા એક જૂથ જે ઈમામ ઝય્નુલ આબેદીન (અ.સ.) પછી તેમના પુત્ર ઝૈદને ઈમામ માને છે.

જ્યારે તેઓને ખબર ન હતી કે હસને તેમને શા માટે બોલાવ્યા છે.

જ્યારે બધા લોકો ભેગા થઈ ગયા, તો ઈમામ રેઝા (અ.સ.) માટે એક ગાદી મૂકવામાં આવી.

ઈમામ (અ.સ.) તેના ઉપર બેઠા. પછી ફરમાવ્યું:

**અસ્સલામો અલૈકુમ વ રહમતુલ્લાહિ વ બરકાતોહુ**

**તમારા ઉપર ખુદાની સલામતી, દયા અને બરકતો હો.**

---

[12] મોઅતઝેલા મુસ્લિમોનો એક જૂથ જે તૌહીદ (અલ્લાહની એકતા) વિશે એક અલગ પ્રકારનો અકીદો ધરાવે છે.

શું તમે જાણો છો કે મેં સૌપ્રથમ સલામ કેમ કરી?"

લોકોએ જવાબ આપ્યો: "ના."

ફરમાવ્યું:

"કારણ કે હું તમને દિલી સુકુન આપવા માંગું છું."

હાજર લોકોએ પૂછ્યું: "ખુદા તમને પોતાની રહમતમાં રાખે. તમે કોણ છો ?"

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"હું અલી બિન મૂસા બિન જઅફર બિન મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અ.સ.) અને રસૂલુલ્લાહ (સ.અ.વ.)નો ફરઝંદ છું"

"આજે મેં સુબ્હની નમાઝ મદીનાએ મુનવ્વરામાં, મસ્જિદે નબવીમાં મદીનાના ગવર્નર સાથે પઢી. નમાઝ પછી, તેમણે પોતાના દોસ્તનો પત્ર મને વાંચી સંભળાવ્યો અને ઘણા કામોમાં મારી સલાહ માંગી. મેં પણ તેમના ફાયદા માટે જે કંઈ હતું તેની સલાહ આપી અને મારે તેમની સાથે એવો વાયદો થયો છે કે તે સાંજે મારી પાસે આવશે, જેથી હું તેમને તેમના દોસ્તના પત્રોના જવાબો લખાવી દઉં. મારે આ વાયદો પાળવો છે, તેથી મને સાંજે મદીના પહોંચવું જોઈએ. વ-લા-હવ્લ વ-લા-કુવ્વતા ઈલ્લા-બિલ્લાહિલ-

અલિય્યિલ-અઝીમ (અને નથી કોઈ શક્તિ કે તાકાત ફક્ત ખુદા તઆલા પાસેથી)."

લોકોએ કહ્યું: "અય પયગમ્બર (સ.અ.વ.)ના ફરઝંદ ! જે અજાયબી ચમત્કારો તમે બતાવ્યા છે, તેના પછી તમારી ઈમામત વિશે પૂછવા જેવું કશું બાકી રહેતું નથી. અમે તમને સાચા માણસ તરીકે ઓળખીએ છીએ."

આ વાત પછી લોકો ઊઠીને જવા લાગ્યા, પરંતુ ઈમામ રેઝા (અ.સ.)એ તેમને સંબોધીને ફરમાવ્યું:

"વિખેરાશો નહીં. મેં તમને એટલા માટે ભેગા કર્યા છે કે તમે ઈમામતની સાબિતી અને નિશાનીઓ વિશે જે પૂછવા માંગો તે પૂછી શકો. અને જાણી લો કે તે તમને અમારા એહલેબૈત (અ.મુ.સ) સિવાય બીજે ક્યાંય મળશે નહીં. તેથી તમારા પ્રશ્નો પૂછો."

અમ્ર બિન હદ્દાબ પહેલો હતો જેણે કહ્યું:

"મોહમ્મદ બિન ફઝલ હાશમી તમારા વિશે એવી વાતો કરે છે જે દિલ સ્વીકારવા તૈયાર નથી."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "કઈ વાત?"

અમ્રએ કહ્યું: "તે કહે છે કે તમે ખુદાએ જે કંઈ નાઝિલ ફરમાવ્યું છે તે જાણો છો. તેમજ બધી ભાષાઓ અને બોલીઓ પણ જાણો છો."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "મોહમ્મદ બિન ફઝલે સાચું કહ્યું છે, કારણ કે આ વાત મેં જ તેને કહી છે. હવે તમે જે પૂછવા માંગો તે પૂછો."

અમ્ર એ કહ્યું: "તો પહેલાં આ વાત ઉપરથી જ તમારી પરીક્ષા લઈએ. અહીં

ભેગા થયેલા લોકોમાં હિંદી, રૂમી (રોમન), ફારસી અને તુર્ક લોકો છે."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"તેઓ જે ભાષામાં ઈચ્છે તે બોલી શકે છે, અને ઈન્શાઅલ્લાહ, હું પણ તે જ ભાષામાં જવાબ આપીશ."

ઈમામ (અ.સ.)ના આ ફરમાન પછી, દરેક ગૈર-અરબ લોકોએ પોતપોતાની ભાષામાં પ્રશ્નો પૂછ્યા. ઈમામ (અ.સ.)એ પણ તે જ ભાષામાં જવાબો આપ્યા. આ જોઈને લોકો હેરાન થઈ ગયા, અને આશ્ચર્ય વ્યક્ત કરીને સૌએ કબૂલ કર્યું કે

ઈમામ (અ.સ.) તેમની ભાષામાં તેમના કરતાં પણ વધુ નિપુણ છે.

પછી ઈમામ રેઝા (અ.સ.)એ અમ્ર બિન હદ્દાબને ફરમાવ્યું:

"જો હું તને કહું કે આ દિવસોમાં તારો હાથ તારા પોતાના કુટુંબના એક વ્યક્તિના લોહીથી રંગાઈ જશે, તો શું તું મારી વાતને સાચી માનીશ?"

અમ્ર બિન હદ્દાબે જવાબ આપ્યો: "ના, કારણ કે ગૈબ (અદૃશ્ય)નું ઈલ્મ ફક્ત ખુદા તઆલા જ જાણે છે."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "શું ખુદા તઆલા ફરમાવતો નથી:

**“ગૈબનું ઈલ્મ ફક્ત ખુદા માટે જ છે અને ખુદા કોઈને પોતાના ગૈબની જાણ કરતો નથી, સિવાય કે તે પયગમ્બર કે જેનાથી તે રાઝી હોય”** [13]

તો જાણી લો કે તે પસંદ કરેલા પયગમ્બર(સ.અ.વ.)ના વારસદાર અમે છીએ. અમને ગૈબનું ઈલ્મ તે પયગમ્બર (સ.અ.વ.) પાસેથી વિરાસતમાં મળ્યું છે – એટલે કે તેજ પયગમ્બર કે જેને ખુદાએ તઆલાએ પોતાના ગૈબમાંથી જેટલું ચાહ્યું તેટલું ઈલ્મ આપ્યું છે.

---

[13] સૂરએ જીન આયત ૨૭-૨૮

તેથી અમે જે કંઈ થઈ ચૂક્યું છે અને કયામત સુધી થશે તે બધું જાણીએ છીએ અને જે વાત મેં તને કહી છે તે પાંચ દિવસમાં બનશે. જો મેં જે કહ્યું છે તે આગામી પાંચ દિવસમાં ન બને, તો તું મને જુઠ્ઠો ગણી શકે છે. પરંતુ જો તે સાચું ઠરે, તો તારે સમજી લેવું જોઈએ કે તું ખુદા અને તેના પયગમ્બર(સ.અ.વ.) પ્રત્યેથી મુરતદ થઇ ગયો છો."

"અને હું તને બીજી એક નિશાની બતાવું છું - તારી આંખોના કિનારે એક રોગ લાગશે, જેના કારણે તું મૈદાનો અને પર્વતો જોઈ શકશે નહીં. આ રોગ કેટલાક

દિવસો સુધી તારી બંને આંખોને પ્રભાવિત કરશે અને બીજી નિશાની એ છે કે તું એક ખોટી કસમ ખાઈશ, અને તેના કારણે તને કોઢ થશે."

મોહમ્મદ બિન ફઝલે કહ્યું: "ખુદાની કસમ! જે કંઈ ઈમામ (અ.સ.)એ કહ્યું હતું તે બધું અમ્ર બિન હદ્દાબ સાથે બન્યું. લોકોએ તેને પૂછ્યું: 'શું ઈમામ રેઝા (અ.સ.)એ સાચું કહ્યું હતું કે ખોટું ?' તેણે જવાબ આપ્યો: 'ખુદાની કસમ! મને તે સમયે પણ ખબર હતી કે તેઓ જે કંઈ કહે

છે તે સાચું છે. પરંતુ હું તેમની પરીક્ષા લેવા માંગતો હતો...'[14]

**ઈમામતના ઉચ્ચ હોદ્દા (પદ)ને સમજવાની મુશ્કેલી:**

જે લોકો ઈમામતના ઉચ્ચ મકામ અને તેની નિશાનીઓને સંપૂર્ણ રીતે નથી સમજતા, તેમના માટે ઈમામો (અ.મુ.સ.) વિશેની કેટલીક વાતો સ્વીકારવી મુશ્કેલ લાગે છે. જેમ કે આ હદીસમાં આપણે

[14] ખરાજ-એ-કુતુબ-એ-રાવંદી, પાના નં 204-206, બેહારૂલ અન્વાર, ભાગ 29, પાના નં 73-75 (આ હદીસ ખુબજ લાંબી છે અને ઈમામ (અ.સ.)ના બસરાના સફર દરમ્યાન અલીમો સાથેના મુનાઝરા (વાદ-વિવાદ/ડીબેટ) નું વિગતવાર વર્ણન કરે છે)

જોઈએ છીએ કે કેટલાક લોકો ઈમામનું ગૈબનું ઈલ્મ હોવાની વાત સ્વીકારવા તૈયાર નથી.

કેટલાક લોકો ઈમામ રેઝા (અ.સ.)ના ગૈબના ઈલ્મને સ્વીકારતા નથી. પરંતુ જો આપણે સમજીએ કે માસૂમ ઈમામ (અ.સ.) આ જમીન ઉપર ખુદાની હુજ્જત (દલીલ) છે, બલ્કે સમગ્ર સૃષ્ટિ ઉપર ખુદાની હુજ્જત છે, તો સહેલાઈથી સ્વીકારી શકાય કે ખુદાવંદે તઆલાએ ઈમામ (અ.સ.)ને બધું ઈલ્મ અને શક્તિઓ આપી છે જે તેમને જરૂરી છે - આથી ખુદાના અનંત ઈલ્મ અને કુદરતમાં

કોઈ ખામી આવતી નથી, અને ન તો ઈમામ (અ.સ.)ને ખુદા સમાન ગણવામાં આવે.

જો આપણે ઉબુદીય્યત (બંદગી)ના સાચા અર્થને સમજીએ, અને જાણીએ કે માસૂમ ઈમામ (અ.સ.) ખુદાના કામિલ (સંપૂર્ણ) બંદા છે, તો સહેલાઈથી સ્વીકારી શકીએ છીએ કે તેઓ ખુદાના પસંદ કરેલા બંદા છે, જેમ કે હઝરત ઈસા (અ.સ.), ખુદાની મરજીથી મુર્દાને જીવિત કરી શકે છે અને બીમારને શિફા આપી શકે છે.

أُحۡىِ الۡمَوۡتٰى بِاِذۡنِ اللّٰهِ

**"અને ખુદાની પરવાનગીથી હું મુર્દાઓને જીવિત કરું છું."** [15]

અને એ પણ સ્વીકારીએ છીએ કે ખુદાના પસંદ કરેલા બંદા તમે શું ખાઓ છો અને તમારા ઘરોમાં શું સંગ્રહ કરો છો તે જાણી શકે છે:

وَأُنَبِّئُكُم بِمَا تَأْكُلُونَ

وَمَا تَدَّخِرُونَ فِي بُيُوتِكُمْ

**"અને હું તમને જણાવીશ કે તમે શું ખાઓ છો અને તમારા ઘરોમાં શું સંગ્રહ કરો છો."** [16]

---

[15] સૂરએ આલે-ઈમરાન આયત ૪૯

[16] સૂરએ આલે-ઈમરાન આયત ૪૯

જે ખુદાએ હઝરત ઈસા (અ.સ.)ને આવું ઈલ્મ અને કુદરત આપી છે, તે શક્તિ ધરાવે છે કે તે પોતાના બીજા પસંદીદા બંદા ઈમામ રેઝા (અ.સ.)ને પણ તે અતા કરી શકે છે. બલ્કે, તેના કરતા પણ વધારે – જેમકે, ઈમામ સાદિક (અ.સ.)એ ફરમાવેલું છે.

રાવી ઈમામ સાદિક (અ.સ.)ને એક સવાલ પૂછે છે: "શું માસૂમ ઈમામ પૂર્વથી પશ્ચિમ સુધીની બધી વસ્તુઓ જોઈ શકે છે ?"

ઈમામ (અ.સ.) જવાબ આપે છે: "કેવી રીતે ઈમામ સમગ્ર આલમ (કાએનાત)માં

ખુદાની હુજ્જત (પ્રમાણ) હોઈ શકે, જ્યારે કે તે ખુદાની મખ્લૂકાત (સૃષ્ટિ)ને ન જોઈ શકે અને તેમની વચ્ચે ન્યાય ન કરી શકે? અને કેવી રીતે તે એવા લોકો ઉપર હુજ્જત હોઈ શકે જે તેમનાથી ગાયબ (અદૃશ્ય) હોય? ન તો તેમની (ખુદાની હુજ્જતો) સુધી તેઓ પહોંચી શકતા હોય, ન તો તે (ખુદાની હુજ્જતો) લોકો સુધી પહોંચી શકતા હોય? અને કેવી રીતે ખુદાની તરફથી અમાનતને અદા કરી શકે અને મખ્લૂકાત ઉપર ગવાહ બની શકે, જો તે તેમને ન જોઈ શકે ?"

"અને કેવી રીતે તે એવા લોકો ઉપર હુજ્જત હોઈ શકે જે તેમનાથી દૂર અને છુપાયેલા હોય?"[17]

આ ઈમામ સાદિક (અ.સ.)ની લાંબી હદીસનો સારાંશ છે. આમાં ઘણા પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા છે.

---

[17] કામેલુઝ ઝિયારાત, ઈબ્ને કુલવેહ અલ-કુમ્મી દ્વારા, અલ-સદૂક દ્વારા ચકાસેલ, પાના નં ૩૪૩, પ્રકરણ ૧૦૮, હદીસ ૨

**ઈમામ રેઝા (અ.સ.)ની ઈમામતનો સમયગાળો:**

ઈમામ રેઝા (અ.સ.)એ પોતાના 35 વર્ષના બાબરકત જીવનમાંથી મોટા ભાગનો સમય મદીનાએ મુનવ્વરામાં ગુજાર્યો. તેમની ઈમામતનો સમયગાળો, જેમાં ભારે જવાબદારીઓ અને અસરકારક ફેરફારો થયા, લગભગ 20 વર્ષ ચાલ્યો. આ સમયગાળો ત્રણ ભાગમાં વહેંચાયેલો છે:

1. પ્રથમ 10 વર્ષ: હારૂન અર-રશીદના શાસનકાળમાં

2. પછીના 5 વર્ષ: હારૂનના મોટા પુત્ર અમીનની ખિલાફત દરમિયાન

3. છેલ્લા 5 વર્ષ: મામૂનના ખિલાફત સમયે, જ્યારે તે વિશાળ ઈસ્લામી સામ્રાજ્ય ઉપર શાસન કરતો હતો.

છેલ્લા વર્ષોમાં, ઈમામ (અ.સ.) બે વર્ષ મર્વમાં અને લગભગ સાત મહિના નિશાપુરમાં રહ્યા. અને જીવનના અંતિમ મહિનાઓ સનાબાદ તુસ [18] ના પ્રદેશમાં ગુજાર્યા, જ્યાં તેમને શહીદ કરવામાં આવ્યા.

---

[18] "સનાબાદ" (હાલનું મશહદ) તુસના પ્રદેશનો ભાગ હતું.

**ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.)ની શહાદતઃ**

55 વર્ષના બાબરકત જીવન પછી, ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.) 203 હિજરીના સફર મહિનાની અંતિમ તારીખે શહીદ થયા. આ મહાન હસ્તીની શહાદતનું કારણ મામૂન દ્વારા દ્રાક્ષ અને અન્ય ફળોમાં મિશ્રિત કરવામાં આવેલુ ઝેર હતું, જે ખાવા માટે ઈમામ (અ.સ.)ને મજબૂર કરવામાં આવ્યા. (ખુદા મામુન ઉપર લઅનત કરે).

આ મહાન વ્યક્તિને તુસના સનાબાદ (મશહદ) ગામમાં દફનાવવામાં આવ્યા,

જ્યાં તેમની પવિત્ર કબ્ર આજે દિલવાળાઓની હાજતો અને મુશ્કેલીમાં ફસાયેલાઓ માટે આશ્રયસ્થાન બની છે.

**૬. નમાઝે બારાન (વરસાદની નમાઝ):**

મામૂનના શાસનકાળમાં, જ્યારે ઈમામ રેઝા (અ.સ.)ને વલી અહદ બનાવવામાં આવ્યા, ત્યારે લાંબા સમય સુધી વરસાદ ન આવવાથી દુષ્કાળ પડ્યો. મામૂનના કેટલાક સાથીઓ અને ઈમામ રેઝા (અ.સ.) પ્રત્યે દ્વેષ (દુશ્મની) રાખનારાઓ કહેવા લાગ્યા:

"જુઓ, જ્યારથી મૂસાના પુત્ર ઈમામ રેઝા (અ.સ.) અહીં આવ્યા છે અને વલી

અહદ બન્યા છે, ત્યારથી ખુદાએ અમારા ઉપરથી વરસાદ રોકી દીધો છે."

તેઓએ આ વાત મામૂન સુધી પહોંચાડી. મામૂને ઈમામ રેઝા (અ.સ.) સમક્ષ અરજ કરીઃ

"વરસાદ બંધ થઈ ગયો છે અને અમે દુષ્કાળની સ્થિતિમાં છીએ. જો તમે અલ્લાહ પાસે વરસાદ માટે દોઆ કરો, તો તે ઘણુ યોગ્ય રહેશે."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ "હું આ કાર્ય કરીશ."

મામૂને પૂછ્યુંઃ "તમે આ કાર્ય ક્યારે કરશો?" (આ વાતચીત જુમ્આના દિવસે થઈ હતી).

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "સોમવારે, કારણ કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સાથે ગઈ રાત્રે મારા સ્વપ્નમાં આવ્યા હતા ફરમાવ્યું હતું: 'મારા ફરઝંદ, સોમવારની રાહ જુઓ. તે દિવસે તમે મૈદાનમાં જજો અને નમાઝે ઈસ્તિસ્કા[19] પઢજો, જેથી ખુદા તઆલા તમારી દોઆથી વરસાદ મોકલશે અને તમારી ફઝીલતોને ઈન્કાર કરનારાઓ સમક્ષ જાહેર કરો, કારણ કે ખુદા ઈચ્છે છે કે તેઓ જાણી લે, જેથી

[19] નમાઝ-એ-ઈસ્તિસ્કા - દુષ્કાળના સમયમાં પઢવામાં આવતી ખાસ નમાઝ.

તમારા મકામ અને મરતબાને કે જે ખુદા પાસે છે તેને તેઓ વધારે સારી રીતે સમજી જાય.'"

સોમવારની સવારે, ઈમામ (અ.સ.) મૈદાનમાં તશરીફ લઈ ગયા. લોકો પણ તેમની સાથે બહાર નીકળ્યા અને રાહ જોતા હતા.

આ મહાન ઈમામ (અ.સ.) મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા અને ખુદાની હમ્દ અને સના કરી અને પછી અરજ કરી:

"અય મારા રબ! તે અમારા એહલેબૈત (અ.મુ.સ)ના હકને મહાન બનાવ્યો છે. અને લોકો પણ તારા હુકમથી અમારી

તરફ તવસ્સુલ કરે છે. તારી રહમત અને ફઝલની રાહ જુએ છે, અને તારા એહસાન અને નેઅમતની આશા રાખે છે. તો અય મહેરબાન રબ! લોકો માટે એક ફાયદાકારક, સર્વસામાન્ય અને નુકસાનરહિત વરસાદ મોકલ અને એવી રીતે વરસાદ મોકલ કે જ્યારે આ લોકો તેમના ઘરે પહોંચે, ત્યારે વરસાદ શરૂ થાય."

રાવી કહે છે: "ખુદા વહદહુ લા શરીકની કસમ! કે જેણે મોહમ્મદ (સ.અ.વ.)ને સાચ્ચા પયગમ્બર તરીકે મોકલ્યા, તે વખતે વાદળો ઘેરાવા લાગ્યા,

ગર્જના અને વીજળી ચમકવા લાગી. લોકો આ જોઈને પોતાના ઘરો તરફ ચાલવા લાગ્યા કે કોઈ વરસાદમાં ભીંજાઈ ન જાય."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : "અય લોકો! આ વાદળો તમારા પ્રદેશમાં વરસવા માટે નથી. તેમની મંઝીલ ફલાણા પ્રદેશમાં જવાની છે."

ઈમામ (અ.સ.)ના આ બયાન પછી, વાદળો બીજી દિશામાં ગયા. પછી બીજા વાદળો આવ્યા. ગર્જના અને વીજળી ચમકવા લાગી. લોકો ફરી ઘરે જવા માટે ચાલવા લાગ્યા તો ઈમામ (અ.સ.)એ

પહેલાની જેમ જ ફરમાવ્યું. આ રીતે દસ વખત વાદળો આવ્યા અને ગયા, અને દરેક વખતે ઈમામ (અ.સ.) એ આજ વાક્યને દોહરાવ્યુ. અંતે અગીયારમુ વાદળ આકાશમાં દેખાયુ.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"અય લોકો! આ જ તે વાદળ છે જેને ખુદાએ તમારા પ્રદેશમાં વરસાદ માટે મોકલ્યું છે. તો આ નેઅમત માટે ખુદાનો શુક્ર અદા કરો અને તમારા ઘરે જાઓ અને જાણી લો કે આ વાદળ ત્યારે જ વરસશે જ્યારે તમે તમારા ઘરે પહોંચી જશો, અને તે સમયે ખુદા તઆલા (કે જે જલાલ અને

કરમનો માલીક છે) તમારા પ્રદેશ ઉપર ખૈર નાઝીલ કરશે."

આ પ્રમાણે, ઈમામ (અ.સ.) મિમ્બર ઉપરથી નીચે ઉતર્યા. લોકો ઘરે જવા લાગ્યા. જ્યાં સુધી તેઓ ઘરે ન પહોંચ્યા, ત્યાં સુધી એક પણ ટીપું ન પડ્યું. પછી એટલો ભારે વરસાદ પડ્યો કે તમામ મૈદાનો, તળાવો, નદીઓ અને ડુંગરાઓ પાણીથી ભરાઈ ગયા. આ મહાન નેઅમત જોઈને લોકોએ કહ્યું:

"કરામતે ખુદા, પયગમ્બર (સ.અ.વ.)ના ફરઝંદ ઉપર મુબારક હો! "

આ ઘટના પછી, ઈમામ રેઝા (અ.સ.)એ લોકોના એક મોટા સમુહ સમક્ષ આ રીતે નસીહત કરીને તેઓને ચેતવ્યા:

"અય લોકો! ખુદાએ જે નેઅમતો તમને આપી છે, તેના માટે ખુદાથી ડરો (તકવા રાખો). આ નેઅમતોને ગુનાહો દ્વારા દૂર જવા ન દો. બલ્કે ખુદાની ઈતાઅત વડે તેને હંમેશગી આપો. શુક્ર અદા કરીને આ નેઅમતોને પોતાના માટે હંમેશગીની બનાવો. અને જાણી લો! ખુદા ઉપર ઈમાન લાવ્યા પછી અને અલ્લાહના વલીઓ કે જેઓ એહલેબૈત (અ.મુ.સ) છે

તેમના હકકોને સ્વીકાર્યા પછી, ખુદાની નજરમાં તેનો શુક્ર અદા કરવાની દ્રષ્ટીએ સૌથી પસંદનીય કાર્ય એ છે કે તમે તમારા મોઅમીન ભાઈઓને દુનિયાના કાર્યોમાં કે જે તેમની જન્નત તરફની ગુઝરગાહ (રસ્તો) છે તેના કાર્યોમાં તેમની (મોઅમીન ભાઈઓ)ની મદદ કરો, જે કોઈ આવું કરશે, તે ખુદા તઆલા પાસે ખાસ બંદાઓમાં ગણવામાં આવશે."

ઈમામ રઝા (અ.સ.)એ પોતાના ખુત્બાને રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની એક હદીસથી આગળ વધાર્યો:

"અલ્લાહના પયગમ્બરે આ વિષયમાં એવું ફરમાવ્યું છે કે જે કોઈ ખુદાના ફઝલ તરફ આકર્ષિત થવા ઈચ્છે, તેવા માણસે આ બાબતમાં વિચારવું જોઈએ અને તેના ઉપર અમલ કરવો જોઈએ."

જ્યારે પગયમ્બર (સ.અ.વ.)ને કેહવામાં આવ્યું "ફલાણો વ્યક્તિ ગુનાહોના કારણે નાબુદ થયો, ત્યારે આપ (સ.અ.વ.)એ તેના જવાબમાં ફરમાવ્યું: 'નહીં, તે વ્યક્તિ નજાત પામ્યો અને ખુદા તઆલા તેના કાર્યોને નેકી સાથે પૂર્ણ કરશે અને જલ્દીથી તેની બુરાઈઓને મિટાવી નાખશે, તેની બદીઓને નેકીમાં

બદલી નાખશે. કારણ કે એક દિવસ તે એક રસ્તેથી પસાર થઈ રહ્યો હતો, જ્યાં એક મોમિન જેની શરમગાહ ખુલ્લી હતી અને તે તેના વિષે અજાણ હતો. આ ગુનાહગાર વ્યક્તિએ તેની શરમગાહ ઢાંકી દીધી, તેને ખબર પણ થવા ન દીધી, જેથી તે શરમિંદગી અને દુઃખ ન અનુભવે. તે મોઅમીને તેને ઓળખી કાઢ્યો કે જેણે આવી સ્થિતિમાં તેની મદદ કરી હતી. તેણે કહ્યું:

"ખુદા તને નેક બદલો આપે અને તારા મરતબાને બુલંદ કરે અને કયામતના

મૈદાનમાં (હીસાબ વખતે) તારી સાથે કોઈ ઝઘડો ન કરે."

ખુદાએ તે મોઅમીનની આ દોઆને કબૂલ કરી. પરિણામે, આ બંદાનો અંત નેકી સાથે થયો, તે મોઅમીનની કબૂલ થયેલી દોઆના કારણે. જ્યારે રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની આ વાત તે ભલાઈ કરનાર ગુનાહગારના કાને પહોંચી..."

"પરિણામે તેણે તૌબા કરી અને ખુદાની ઈતાઅત તરફ પાછો ફર્યો. સાત દિવસ પછી, એક જૂથે મદીના ઉપર હુમલો કર્યો. રસૂલુલ્લાહ (સ.અ.વ.) આ

હુમલાખોરોને દુર કરવા માટે લશ્કર લઈને નિકળ્યા, અને આ વ્યક્તિ (જેણે તૌબા કરી હતી) તેમાંનો એક હતો. આ ઘટનામાં તે શહીદ થયો." [20]

અલ્લાહ તઆલા નજીક માસૂમ હુજ્જતો (ઈમામો)નું મહત્ત્વ અને મકામ દોસ્ત અને દુશ્મન બંને દ્વારા નકારી શકાય તેમ નથી. સૂરજ આકાશની ઊંચાઈએ એવો પ્રકાશ ફેલાવે છે કે અંધ વ્યક્તિ પણ તેના પ્રકાશને નકારી શકતી નથી. પવિત્ર ઈમામો (અ.મુ.સ.) પણ ઉબુદીય્યતના આકાશમાં સૂર્યની જેમ

---

[20] બેહારૂલ અન્વાર, ભાગ 49, પાના નં 180-182

ચમકતા હતા કે તેમના દુશ્મનોએ પણ આ વાત કબૂલ કરી. શાયર કહે છે:

"وَمَنَاقِبُ شَهِدَتْ بِهَا الْأَعْدَاءُ"

"وَالْفَضْلُ مَا شَهِدَتْ بِهِ الْأَعْدَاءُ"

**એવી ફઝીલતો જેના ઉપર દુશ્મનોએ પણ ગવાહી આપી છે.**

**અને સાચી ફઝીલત તો તેજ છે જેને દુશ્મનોએ પણ કબૂલ કરી હોય.**

પરંતુ આ હદીસમાંથી એક મહત્ત્વપૂર્ણ સબક આપણને એ મળે છે કે, "આ જ મૂલ્યવાન સિદ્ધાંત છે કે જેને આપણે પયગમ્બર (સ.અ.વ.)ના

ઈતિહાસમાં પણ જોઈએ છીએ. આ ઉચ્ચ બાબત અને સબક એ છે કે ખુદાની હુજ્જતો લોકો ઉપર પોતાની શક્તિ દાખવવા માટે નથી આવ્યા, પરંતુ ખુદાની શક્તિને લોકોની હિદાયત અને જીવન જીવવાની સાચી રીત શીખવવા માટે તેનો ઉપયોગ કર્યો છે."

"અમે મહાન પયગમ્બરોના જીવનના આ મહત્ત્વના મુદ્દાની ચર્ચા અહીં નહીં કરીએ, પરંતુ આ સંક્ષિપ્ત ચર્ચામાં ઈમામ રેઝા (અ.સ.)ની મહત્ત્વપૂર્ણ ચેતવણી ઉપર ધ્યાન આપીશું. તેમણે આ ટૂંકા પરંતુ જીવનદાયી ઉપદેશમાં, ખુદાની

નેઅમતોની નિરંતરતા (હંમેશગી) લોકોના શુક્ર ઉપર આધારિત બતાવી છે."

"આ સ્પષ્ટ છે કે મનુષ્યોને મળેલી બધી નેઅમતો મહાન અને મહેરબાન ખુદા તરફથી છે:"

وَمَا بِكُم مِّن نِّعْمَةٍ فَمِنَ اللَّهِ

**"અને તમને જે કંઈ નેઅમતો મળી છે તે ખુદા તરફથી જ છે."** [21]

"ખુદા આ બધી નેઅમતો મનુષ્યોને તેમની કોઈ લાયકાત કે હકદારી વગર

---

[21] સૂરા અન-નહલ: 53

આપે છે, જેમ કે એહલેબૈત (અ.મુ.સ)ની દોઆઓમાં આપણે પઢીએ છીએ:"

يَا مُبْتَدِئَنَا بِالنِّعَمِ قَبْلَ اسْتِحْقَاقِهَا

**"અય લાયકાત થવા પેહલાજ નેઅમતોની શરૂઆત કરનાર."** [22]

પણ લોકો આ નેઅમતો સાથે કેવો વર્તાવ કરે છે?

શું તેઓ તેનો શુક્ર અદા કરે છે કે નાશુક્રી કરે છે?

---

[22] દલાઈલુલ ઈમામાહ, તબરી ઈમામી દ્વારા, નજફ આવૃત્તિ, પાના નં 305, ઈબ્ને અબી બઘલના ઈમામે ઝમાના (અ.સ.) સાથેની મુલાકાતના કિસ્સાના સંદર્ભમાં

અહીં, ઈન્સાનનો ઈખ્તીયાર ઈલાહી હુકમની સામે આવે છે કે તેઓ ઈતાઅત કરે છે કે નાફરમાની. અલ્લાહ તઆલાનો શુક્ર અને નાશુક્રી વિશેનું મહત્ત્વપૂર્ણ અને તાકીદભર્યું વચન આ પ્રમાણે છે:

"لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ وَلَئِنْ كَفَرْتُمْ اِنَّ عَذَابِىْ لَشَدِيْدٌ"

**“જો તમો શુક્ર અદા કરશો તો હું નેઅમતોમાં વધારો કરીશ અને નાશુક્રી કરશો તો મારો અઝાબ સખત છે.”** [23]

---

[23] સૂરએ ઈબ્રાહીમ (14), આયત 7

ઈમામ રેઝા (અ.સ.) આ પ્રકાશિત ઈલાહી બયાનમાં, નેઅમતોનો શુક્ર અદા કરવા માટે નીચેના તબક્કાઓ બયાન ફરમાવે છે:

1- ખુદાએ સુબ્હાન ઉપર ઈમાન લાવવું.

2- આલે મોહમ્મદ (સ.અ.વ.)ના હક્કોને કબૂલ કરવા.

3- દુનિયાવી જરૂરિયાતો (બાબતો)માં મોઅમીનોની મદદ કરવી.

પછી તેઓ છેલ્લી બાબત ઉપર ભાર આપે છે કે, જે આવું કરશે, તે ખુદાએ તઆલાના ખાસ બંદાઓમાંથી થશે.

એહલે માઅરેફતની નજરમાં, આ માર્ગદર્શન અને જીવનના પાઠની કિંમત, દુષ્કાળ અને અનાવૃષ્ટિ માટે તેમની મુસ્તજાબ દોઆથી ઓછી નથી.

"આ ઘટનામાં, ઈમામ (અ.સ.) ખુદાની મરજીથી દુષ્કાળગ્રસ્ત લોકોના જીવનમાં વરસાદ લાવે છે. અને પછી, પોતાના માર્ગદર્શક ઉપદેશો દ્વારા, સૂકા દિલોના રણમાં રૂહાની આબે હયાતને વહાવે છે."

આપણે આ મહેરબાન ઈમામ, ઈમામ રેઝા (અ.સ.)ના આ મહાન સબકમાંથી શીખીએ છીએ.

- શું આપણે મોઅમીનોની મુશ્કેલીઓને દૂર કરવા માટે પૂરતો પ્રયત્ન કરીએ છીએ?
- ખુદાની નેઅમતોનો શુક્ર અદા કરીએ છીએ?
- આ કામમાં ઉણપ (સુસ્તી) કરીને કુફરાને નેઅમત (નાફરમાની) તો નથી કરતાને?

યાદ રાખો કે કુફરાને નેઅમત, ખુદાની સખ્ત સજા લાવે છે."

**૭. એહલેબૈતની ગરીમા:**

"ઈમામ જવાદ (અ.સ.) ફરમાવે છે: 'ઈમામ રેઝા (અ.સ.)ની દોઆથી તે

પ્રદેશમાં બરકત વધી ગઈ. આ વાત લોકોમાં ફેલાઈ ગઈ. આ ઘટનાએ મામૂનના આસપાસના લોકોના દિલમાં દ્વેષ (દુશ્મની)ની આગ ભડકાવી, ખાસ કરીને તેઓ કે જેઓ મામૂન પાસેથી વલી અહદ બનવાની આશા રાખતા હતા.'"

તેમાંથી એકે મામૂનને કહ્યું: 'ખુદાની કસમ! તું પહેલો ખલીફા હશે જેણે આ મહાન સન્માનને બની-અબ્બાસના ખાનદાનથી અલી (અ.સ.)ના ખાનદાનમાં તબ્દીલ કરી છે! આ રીતે તમે તમારા ખાનદાન સાથે જફા કરી. તમે આ જાદુગરને (નઅઉઝોબિલ્લાહ) તમારો

વલી અહદ બનાવ્યા છે જેના બાપ દાદાઓ પણ જાદુગર હતા (અસ્તગ્ફેરૂલ્લાહ), તમે જેને વલી અહદ બનાવ્યા છે તે એક ગુમનામ, નીચા દરજ્જાના અને ભુલાઈ ગયેલા હતા. અને તમે આ કાર્ય વડે તેમને પ્રખ્યાત, મશહૂર અને ઉચ્ચ પદવી ઉપર પહોંચાડ્યા છે. આ વ્યક્તિએ (ઈમામ રેઝા) એક વરસાદની દોઆથી, જે તરત કબૂલ થઈ તે આખી દુનિયામાં મશહુર થઈ ગયા છે. મને ડર છે કે તું ખિલાફતને બની-અબ્બાસ માંથી બની-અલી (અ.સ.)ના ખાનદાનમાં મોકલી દઈશ. બલ્કે મને તો એવો ડર છે

કે તે (ઈમામ) જાદુ (નઉઝોબિલ્લાહ) દ્વારા તારી સલ્તનતનો નાશ કરશે અને એક દિવસ તારી વિરૂદ્ધ બળવો કરશે. શું કોઈ એવો છે જે આવી હરકત પોતાની અને પોતાની સલ્તનત ઉપર કરે? મામૂને જવાબ આપ્યો: 'આ વ્યક્તિ (ઈમામ) અમારાથી દૂર રહીને લોકોને પોતાની તરફ બોલાવતા હતા.[24] અમે તેમને વલી અહદ

---

[24] ઈતિહાસ સાબિત કરે છે કે એહલેબૈત (અ.મુ.સ.) ક્યારેય સરકારો વિરૂદ્ધ બળવા કરવાની યોજના બનાવતા ન હતા. જો તેમને કોઈ ઝુલ્મી સરકાર વિરૂદ્ધ ઉઠવાનો ઈરાદો હોય, તો જાહેરમાં એઅલાન કરતા. ઈમામ રેઝા (અ.સ.)ની બની-અબ્બાસ વિરૂદ્ધ કોઈ આવી યોજના ન હતી. મામૂન, જે પોતાની સત્તા માટે નાપાક યુક્તિઓ કરતો હતો, તેવા જુઠ્ઠા આરોપો માસૂમ ઈમામ (અ.સ.) ઉપર લગાવતો હતો. પરંતુ

બનાવ્યા છે કે જેથી લોકો અમારી તરફ આકર્ષિત થાય, અને સલ્તનત અને ખિલાફતના શિર્ષક હેઠળ "

"અમારી હુકૂમતમાં ઓળખાય. અને જે લોકો તેમના દીવાના બન્યા છે, તેઓ સમજી જાય કે જે બાબતોનો તેઓ દાવો કરે છે તેમાં તેમની પાસે કશું નથી: ન થોડું, ન વધારે. અને તેઓ જાણી લે કે આ ખિલાફત મારી છે, તેમની નથી.

અમને ડર હતો કે જો તેમને આમજ છોડી દઈએ, તો અમારી બાંધેલી બધી

---

ખુદાની મરજીથી, તેની યુક્તિઓ તેના પોતાના ઉપર પાછી વળતી.

ઈમારતો કમઝોર થઈ જશે અને તેઓ એવા કામો કરશે કે જેનો સામનો કરવો અમારા શક્તિની બહાર હશે. હવે અમે તેની સાથે એવો વર્તાવ કર્યો જે તમે જોયો અને એવી ભૂલો કરી જે તમે જોઈ. અમે તેમને એટલી શોહરત આપી, અને પોતાને વિનાશના કિનારા ઉપર લાવ્યા, જે તમે જોયું. તેથી તેમના કામમાં ઢીલ અને બેદરકારી યોગ્ય નથી. પરંતુ ધીરે ધીરે તેમની પદવી નીચી લાવવી જોઈએ, જેથી લોકો એવું સમજે કે તેઓ ખિલાફત અથવા વલી અહદ માટે લાયક નથી. પછી આપણે એવી રીત શોધવી જોઈએ

કે જેથી તેમને સંપૂર્ણ રીતે રસ્તામાંથી દૂર કરી શકાય."

તે વ્યક્તિએ મામૂનને કહ્યું: "મને પરવાનગી આપો કે હું તેમની (ઈમામ રેઝા અ.સ.) સાથે વાદવિવાદ કરું, તેમને અને તેમના સાથીઓને ખુલ્લા પાડું, અને તેમની કદર-કીમતને ઘટાડું. જાણી લ્યો કે જો તમારી હૈબત (ડર) મારા મનમાં ન હોત, તો હું તેમને તેમની જગ્યાએ બેસાડી દેત, અને તેમની ભુલને એવી રીતે દર્શાવત કે જેનો જવાબ આપવો તેમના ઈખ્તિયારમાં ન હોય."

મામૂને કહ્યું: "તમે જે કહો છો તેમાંથી કોઈ પણ વસ્તુ મારા માટે તેના કરતાં વધુ પ્રિય નથી."

"તેણે કહયું: 'તો દેશના મોટા લોકો, ફૌજના અધિકારીઓ, કાઝીઓ અને આલીમોને ભેગા કરો, અને ઈમામ રેઝા (અ.સ.)ને પણ તેમના નિયત સ્થાને બેસાડો, જેથી તેમની ખામીઓ આ સભા સમક્ષ જાહેર થઈ શકે.'

"તે વ્યક્તિ[25] બોલવા લાગ્યો: 'લોકો તમારા વિશે અનેક વાતો કરે છે અને તમારી સિફતોના વર્ણનમાં અતિશયોક્તિ

[25] આ વ્યક્તિ મામૂનનો એક સાથી હતો, જેમ કે હદીસના અંતથી સ્પષ્ટ થાય છે.

કરે છે. જો તમે જાણો છો, તો તમે તેમનાથી અલગ થઈ જાઓ.

તેમની પહેલી અતિશયોક્તિ એ છે કે તેઓ કહે છે:

"તમે એવા વરસાદ માટે દોઆ કરો છો જે સામાન્ય રીતે તેના નિયત સમયે જ આવે છે."

"તેઓ આ બાબતને તમારો મોઅજીઝો ગણે છે અને કહે છે કે તમારી જેવો દુનિયામાં બીજો કોઈ નથી, જ્યારે ખરી વાત એ છે કે આ અમીરૂલ મોઅમેનીન[26] છે (મામૂનનો ઉલ્લેખ) -

---

[26] "અમીરૂલ મોઅમેનીન" અહીં મામૂનનો ઉલ્લેખ છે, જેણે પોતાને આ ખિતાબ આપ્યો હતો.

જેના રાજ્યને ખુદા કાયમ રાખે - જેની બરાબરી કોઈ નથી કરી શકતું, અને તેણે તમને ખાસ મુકામ આપ્યું છે. શું મામુન તમારા ઉપર એવો હક નથી ધરાવતો કે જેઓ તમારા ઉપર અને તેના ઉપર જે હંમેશા ઉપર જુઠ બાંધે છે, તેને ખોટા પાડો?'"

ઈમામ રેઝા (અ.સ.)એ ફરમાવ્યું: "મેં કદી લોકોને ખુદાની તે નેઅમતો વિશે કે જે નેઅમતો તેણે મને અતા કરી છે, તેના વિશે વાત કરવાથી લોકોને કદી રોક્યા નથી, જોકે હું કોઈ બગાવત અથવા ફસાદ નથી ઈચ્છતો અને જે તમે કહ્યું કે મને મોટો બનાવ્યો છે, તો જાણો કે મામૂનની

સરકારમાં મારી સ્થિતિ યુસુફે સિદ્દીક (અ.સ.)ની મિસરના બાદશાહ પાસે જેમ હતી તેવી જ છે અને તમે ચોક્કસ તેમના કીસ્સાને જાણો છો."

'આ સમયે, તે વ્યક્તિ ગુસ્સે થઈ ગયો અને ગુસ્તાખીની રીતે બોલ્યો: “અય મૂસાના ફરઝંદ! તમે હદ પાર કરી દીધી છે, અને જે વરસાદ ખુદા તઆલા તેના નિયત સમયે મોકલવાનો હતો, તેને તમે પોતાની સાથે નિસ્બત આપી છે, જાણે કે તમે ઈબ્રાહીમ ખલીલ (અ.સ.) જેવો મોઅજિઝો લાવ્યા છો - જ્યારે તેમણે પક્ષીઓના માથાઓને પોતાના હાથમાં

રાખ્યા અને તેમના અંગોને અલગ અલગ પહાડો ઉપર રાખ્યા હતા, તેમને બોલાવ્યા તો તેઓ જીવતા થઈને આવ્યા અને પોતાના માથાઓ સાથે જોડાઈ ગયા અને અલ્લાહની પરવાનગીથી તેઓ ઉડવા લાગ્યા. જો તમે સાચા હો, તો આ બન્ને સિંહો (જેની તસ્વીર ત્યાં લાગેલી હતી) તેને જીવતા કરો અને તેમને મારા ઉપર હાવી કરો, જેથી આ તમારી તરફથી એક મોઅજિઝો ગણાશે. વરસાદ વિશે, હું હજુ પણ કહું છું કે તે તેના નિયત સમયે જ આવ્યો હતો, અને તમને તેને પોતાની

દોઆનું પરિણામ કહેવાનો કોઈ અધિકાર નથી.'

'તે વ્યક્તિએ આ શબ્દો બોલતા બોલતા બે સિંહો તરફ ઈશારો કર્યો, જે મામૂનના માથા ઉપરના પર્દા ઉપર ચિત્રિત હતા.'

ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.) ગુસ્સે થઈ ગયા અને તે બંને ચિત્રિત સિંહોને સંબોધીને ફરમાવ્યું:

'આ ફાજિર (દુષ્ટ)ને પકડો, ફાડી નાખો અને તેમાંથી કશું બાકી ન રાખો.'

તે ક્ષણે, પડદા ઉપરના બંને ચિત્રિત સિંહો જીવંત થઈ ગયા અને તે વ્યક્તિને

પકડી લીધો. તેમણે તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા, તેને ખાઈ ગયા અને તેનું લોહી પણ ચાટી લીધું. આખી સભા આ દ્રશ્ય જોતી હતી.

જ્યારે બંને સિંહોએ તે વ્યક્તિનું કામ પતાવ્યું, ત્યારે ઈમામ (અ.સ.) પાસે આવીને અરજ કરી:

'અય ઝમીન ઉપર ખુદાના વલી! શું તમે અમને આ માણસ (મામૂન) સાથે પણ તે જ કરવાની પરવાનગી આપો છો જે અમે તેના સાથી સાથે કર્યું?'

મામૂન આ સાંભળી ડરથી બેહોશ થઈ ગયો. ઈમામ રેઝા (અ.સ.)એ

ફરમાવ્યું:

'તમારી જગ્યાએ જ ઊભા રહો.'

બંને સિંહોએ આજ્ઞા માની અને ઊભા રહ્યા.

ઈમામ રેઝા (અ.સ.)એ ફરમાવ્યું:

'મામૂનના ચહેરા ઉપર ગુલાબજળ છાંટો અને તેને શુદ્ધિમાં લાવો.'

જ્યારે તેને શુદ્ધિમાં લાવવામાં આવ્યો, ત્યારે બંને સિંહો ફરી આગળ આવ્યા અને કહ્યું..."

શું તમે પરવાનગી આપો છો કે અમે તેને પણ તેના દોસ્ત સાથે મેળવી દઈએ?

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું: "નહીં, કારણ કે ખુદાએ તઆલાની એક તદબીર છે જે તે જ પોતે અંજામ આપશે. તમે તમારી પહેલાની જગ્યાએ પાછા ફરો."

તે બંને સિંહો ઈમામ (અ.સ.)ના હુકમથી પોતાની જગ્યાએ પાછા ફર્યા, અને ફરીથી બે સિંહની આકૃતિમાં બદલાઈ ગયા.

મામૂને કહ્યું: "ખુદાનો શુક્ર કે તેણે હમીદ બિન મહરાનને – જે સિંહોનો શિકાર બન્યો હતો તેને અમારી પાસેથી ઉઠાવી લીધો."

પછી તેણે ઈમામ રેઝા (અ.સ.) સમક્ષ અરજ કરી:

"અય પયગમ્બર (સ.અ.વ)ના ફરઝંદ! આ જગ્યા તમારા જદ્દ (સ.અ.વ)ની છે, અને તેમના પછી તમારી છે. જો તમે હુકમ ફરમાવો, તો હું આ પદ ઉપરથી ઉતરી જાવ અને તે તમને સોંપી દઉં."

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું:

"જેમ કે તે જોયું, ખુદાએ તઆલાએ તમામ મખ્લુકો ઉપર મારી ઈતાઅતને વાજીબ કરી છે – જેમ કે તમે બે સિંહોમાં જોયું. અને જો હું તારી જગ્યાએ હોવાની ઈચ્છા રાખત, તો તને મોહલત આપતે

નહીં, અને ન તો તારી પાસે આ પદની માંગણી કરત. આ મામલે માત્ર બની-આદમના જાહીલો જ મારી આજ્ઞા પાળવાથી ઈન્કાર કરે છે, તેઓના માટે ખુદાએ અઝ્ઝ-વ-જલ્લની ખાસ યોજના છે. ખુદાએ તઆલાએ મને હુકમ ફરમાવ્યો છે કે હું કોઈ તારો વિરોધ ન કરું, અને જોકે અલ્લાહ પાસે મારો મરતબો એટલો ઉંચો છે કે જેમાંથી તે થોડો જ હિસ્સો જોયો, પણ આ ખુદાનો હુકમ છે કે હું તારા આદેશ હેઠળ રહું – જેવી રીતે કે હઝરત યુસુફ (અ.સ.)ને

મિસ્રના ફિરઔનના હુકમ હેઠળ રેહવાનો હુકમ કરવામાં આવ્યો હતા." [27]

**વિલાયતની શાન:**

"ઈસ્લામી દુનિયામાં વિલાયત (ઈમામત)ની એક શાન 'તસર્રુફ ફીલ-ઉમૂર' (દરેક બાબતોની સત્તા) છે. જો આ સત્તા – ખુદાની પરવાનગીથી – સૃષ્ટિના કાર્યોમાં થાય, તો તે 'વિલાયત-એ-તક્વીની' કહેવાય; અને જો દીન (શરીઅત)ની બાબતોમાં હોય, તો તે 'વિલાયત-એ-તશરીઈ' ના નામે

---

[27] બેહારૂલ અન્વાર, ભાગ ૪૯, પૃષ્ઠ ૧૮૦-૧૮૫, કિતાબ ઓયુને અખ્બારે રેઝા, પૃષ્ઠ ૧૬૭-૧૭૨માં પણ ઉલ્લેખ છે

ઓળખાય. આ બંને પ્રકારની વિલાયત ફક્ત મઅસૂમ ઈમામો – એટલે ખુદાના નિયુક્ત કરેલા પયગમ્બર (સ.અ.વ.)ના જાનશીનો નેજ પ્રાપ્ત છે. આ મહાન હસ્તીઓ, ખુદાની મરજીથી, ઉચ્ચતમ સ્તરે બંને પ્રકારની વિલાયત (તક્વીની અને તશરીઈ) ચલાવવાની સત્તા ધરાવે છે."

"આ જ તે ખાસિયત છે જેનુ એઅલાન પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ)એ ગદીર-એ-ખુમમાં ઈમામ અલી (અ.સ.) માટે આ શબ્દોમાં કર્યું હતું..."

પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ)એ ખુદાની તરફથી ફરમાવ્યું:

مَنْ كُنْتُ مَوْلَاهُ فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ

**જેનો હું મૌલા છું તેના આ અલી (અ.સ.) મૌલા છે.**

**વિલાયતે તક્વીની (સૃષ્ટિનું નિયંત્રણ):**

આ એવી શક્તિ છે જે ખુદાએ તઆલાએ પોતાની હુજ્જત અને વલીને આપી છે. જ્યાં દીન-એ-ઈલાહીની ભલાઈ માટે જરૂરી હોય, ત્યાં ખુદાની મરજીથી તેઓ આ શક્તિનો ઉપયોગ કરે છે.

આમાં શામેલ છે: દીનને મજબૂત બનાવવું, ખુદાના વલીની ઈમામતને સાબિત કરવી, મઝલૂમો અને બેસહારાઓને સહારો આપી તેમના ઈમાનને મજબૂત બનાવવું, વિગેરે.

**વિલાયતે તશરીઈ (શરીઅત ઉપર નિયંત્રણ):**

ખુદા તઆલાએ પોતાના વલી અને હુજજતને ઈલ્મે ઈલાહી શીખવ્યુ છે.

આ ઈલ્મ વડે તેઓ ચર્ચાઓ અને મુનાઝેરાઓમાં દીનના દુશ્મનોને પરાજિત કરે છે.

દીની સમસ્યાઓનું નિરાકરણ કરે છે અને લોકોને માનસિક ગૂંચવણોમાંથી મુક્તિ આપે છે.

**કુરઆનમાં આધારઃ**

આ બંને પ્રકારની વિલાયતનું મૂળ કુરઆને મજીદમાં જોવા મળે છે.

અહીં અમો વિલાયતે તક્વીનીના સંદર્ભમાં કુરઆની આયતો રજુ કરીએ છીએ

૧) હઝરત સુલય્માન (અ.સ.) વિશેઃ

**"અમે હવાને સુલય્માનના કાબૂમાં કરી દીધી, જે તેમના હુકમથી ધીમેથી ચાલતી. જ્યાં તે ઈચ્છે ત્યાં તેમને લઈ**

**જતી હતી. અમે શૈતાનોને પણ સુલય્માનના વશમાં કર્યા – કેટલાક તેમના માટે મહેલો બનાવતા, તો કેટલાક સમુદ્રમાંથી કીંમતી જવાહેરાત કાઢી આપતા. અને શૈતાનોના એક સમુહને સુલેમાનના હાથે જંજીરોમાં જકડી દીધા હતા."** [28]

૨) હઝરત મૂસા (અ.સ.) વિશે કુરઆન આ રીતે વર્ણવે છે:

**"અય મૂસા! તમારા જમણા હાથમાં શું છે?' મૂસા (અ.સ.)એ અરજ કરી: 'આ મારી લાકડી છે – હું તેના ઉપર ટેકો**

---

[28] સૂરએ સબા, ૩૬-૩૮

લઉં છું, ભેડોને હાંકવા માટે વાપરું છું, અને તેમાંથી મને અન્ય લાભો પણ મળે છે.' ખુદાએ ફરમાવ્યુંઃ 'મૂસા! તેને નીચે નાખો.' મૂસા (અ.સ.)એ લાકડી નાખી..." "એટલે તે લાકડી એકદમ સાંપ બની ગઈ જે હરકત કરી રહયો હતો! ખુદાએ ફરમાવ્યુંઃ 'અય મૂસા! ડરશો નહીં, તેને પકડી લો. અમે તેને તેના મૂળ સ્વરૂપમાં પાછી ફેરવી દેશું. અને અય મૂસા! તમારો હાથ તમારા પેહલુમાં દાખલ કરો – તે કોઈ અણગમા વગર સ્વચ્છ અને ચમકતો

**બહાર આવશે. આ બીજી નીશાની છે."** [29]

3) હઝરત ઈસા (અ.સ.) વિશે કુરઆનમાં આપણે વાંચીએ છીએઃ

**"અને ખુદા તઆલાએ હઝરત ઈસા (અ.સ.)ને બની-ઈસ્રાઈલ ઉપર પયગમ્બર બનાવ્યા. તેઓ લોકોને કહેતાઃ 'હું તમારા રબની તરફથી એક નિશાની લાવ્યો છું – હું તમારા માટે માટીમાંથી પક્ષી બનાવીશ, પછી તેમાં રૂહ ફૂંકીશ, અને ખુદાની પરવાનગીથી તે જીવંત પક્ષી બની જશે. અને જન્મથી**

---

[29] સૂરએ તાહા, ૧૭-૨૨

**અંધ અને કોઢગ્રસ્તને ખુદાની મરજીથી સાજા કરીશ. મુર્દાઓને ખુદાની પરવાનગીથી જીવિત કરીશ..."[30]**

"અને હું તમને તમારા ઘરોમાં શું ખાઓ છો અને શું સંગ્રહ કરો છો તે જણાવીશ. જે કંઈ હું તમારા માટે લાવ્યો છું તેમાં તમારા માટે નિશાની છે, જો તમે ઈમાન લાવો." (સૂરા આલે-ઈમરાન, ૪૯)

આ આયતો સાબિત કરે છે કે ખુદાએ તઆલાએ પોતાના પસંદીદા બંદાઓને એવી ખાસ શક્તિઓ આપી છે જેનો

[30] સૂરએ આલ-ઈમરાન, ૪૯-૫૦

ઉપયોગ તેઓ ઈલાહી મસ્લેહત મુજબ ખુદાની મરજીથી કરી શકે છે.

ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.) ખુદાના તે પસંદીદા અને તે ઈમામ છે કે ખુદાએ જેમને લોકોના માર્ગદર્શન માટે પસંદ કર્યા છે.

જેમ જેમ ઈલાહી મસ્લેહત હોય છે, તેમ તેમ તેઓ આ ખાસ શક્તિઓનો ઉપયોગ કરે છે.

ઈતિહાસની પુસ્તકોમાં આવી અસંખ્ય ઘટનાઓ નોંધાએલી છે.

### ૮. વાત કરો:

અબુ નસ્ર મોઅઝ્ઝીન નેશાપુરી કહે છે:

"મને એવો રોગ લાગ્યો કે જેથી મારી જીભ ભારી થઈ ગઈ અને બોલવું મુશ્કેલ બની ગયું. તેથી મેં વિચાર કર્યો કે ઈમામ અલી બિન મૂસા અર રેઝા (અ.સ.) ના રોઝા ઉપર હાજર થઈ, ખુદાની ઈબાદત કરું, અને તે ઈમામની પાસેથી ખુદા પાસે માંગુ અને તે ઈમામ (અ.સ.)ને મારો સિફારિશી બનાવું, જેથી આ રોગથી મને છુટકારો મળે અને હું ફરીથી બોલી શકું.

તેથી મેં મશહદ તરફ સફર કર્યો. મારા મૌલા ઈમામ રેઝા (અ.સ.) ના રોઝા મુબારકની ઝિયારત માટે ગયો, સિરાહના પાસે બેઠો, બે રક્અત નમાઝ પઢી, અને સજદામાં જઈ દોઆ કરવા લાગ્યો. મેં સાહેબે કબ્ર(અ.સ.)થી તવસ્સુલ કર્યું અને મારી મુશ્કેલીને હલ કરવા પુકાર્યા. સજદાની હાલતમાં મને ઊંઘ આવી ગઈ.

સવ્નમાં મેં જોયું કે કબ્ર ખુલી ગઈ અને એક મહાન હસ્તી બહાર આવ્યા. તેમણે મારી નજીક આવી ફરમાવ્યું: 'એ અબુ નસ્ર! કહો: લા એલાહ ઈલ્લલ્લાહ'. મેં તેમને ઈશારો કર્યો કે મારી જીભ બંધ

છે, હું કેવી રીતે બોલું? તેમણે મને ઠપકો આપતા કહ્યું: 'શું તમે ખુદાની કુદરતનો ઈન્કાર કરો છો? કહો: લા એલાહ ઈલ્લલ્લાહ!'

તે જ ક્ષણે મારી જીભ ખુલી ગઈ અને મેં 'લા એલાહ ઈલ્લલ્લાહ' કહ્યું. તે દિવસથી આજ સુધી મારી જીભ ફરીથી બંધ થઈ નથી."[31]

કુરઆને મજીદની અસંખ્ય આયતો મુજબ, મૃત્યુ એ નાબુદી અને વિનાશ નથી. દરેક મનુષ્ય મૃત્યુ પછી બીજા સ્વરૂપમાં

---

[31] બેહારૂલ અન્વાર, ભાગ ૪૯, ભાગ. ૪૯, પૃષ્ઠ. 331, ઓયુને અખ્બારે અલ-રેઝા, ભાગ. 2, પૃષ્ઠ. ૨૮૩.

બરઝખમાં પોતાનું જીવન આગળ વધારે છે. આમ, ઈમામ અલી બિન મૂસા અર-રેઝા (અ.સ.)ની પાક હસ્તી પણ મૃત્યુ પછી જીવંત છે અને સંપૂર્ણ નેઅમતો અને બરકતો સાથે ફળદ્રુપ જીવન વિતાવે છે. અને ચોકકસ પણે જે ખાસ શક્તિઓ તેઓ દુનિયાના જીવન દરમીયાન ધરાવતા હતા, તે આજે પણ તેમની પાસે છે.

આ બાબતની પુષ્ટિ કુરઆની આયતો અને સહીહ હદીસો દ્વારા થાય છે. ઈમામ (અ.સ.)ના સમયથી લઈને આજ સુધીમાં તેમની અસંખ્ય કરામતોનો

અનુભવ કરવામાં આવ્યો છે અને તેની નોંધ કરવામાં આવી છે.

ઈમામ અલી (અ.સ.)નું વચન: આ બધી સાચી ઐતિહાસિક ઘટનાઓ ઉપર નજર ફેરવ્યા પછી કે જે બધાના આપણે ગવાહ છીએ, ફરીવાર આપણે ઈમામ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના આ કલામ કે જે તેમણે એહલેબૈત (અ.સ.) વિષે વર્ણવ્યો છે તેની સત્યતાને પામી શકીએ છીએ:

"અય લોકો! આ હકીકતને આખરી પયગમ્બર (સ.અ.વ) પાસેથી શીખો, જેમણે ફરમાવ્યું: જે કોઈ અમારા

(એહલેબૈત)માંથી મૃત્યુ પામે છે, તે હકીકતે મરી ચૂક્યો નથી. અને અમારામાંથી કોઈ વ્યક્તિ અથવા કોઈ ચીજ જુની થશે નહીં. તેથી તમે જે નથી જાણતા, તેનો ઈન્કાર ન કરો, કારણ કે તમે જેનો ઈન્કાર કરો છો તેમાં જ ઘણી હકીકતો છુપાયેલી છે."[32]

જે લોકો આ પ્રકારની ખુદાઈ શક્તિઓનો ઈન્કાર કરે છે, તે માત્ર એટલા માટે કે તેમના જેવા લોકોની સિમિત શકિતથી તેઓ ઉચ્ચ (બલંદ) છે.

---

[32] નહજુલ બલાગાહ, સર્હે મરહૂમ ફૈઝ અલ-ઈસ્લામ ખુત્બા 86.

ઈમામ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના કલામ ઉપર ફરીથી વિચારો જેથી તમે જોશો કે: મઅસૂમ ઈમામો મૃત્યુ પછી પણ તે જ ઈલાહી શક્તિઓ ઉપર અમલ કરે છે જેના ઉપર તેઓ દુન્યવી જીવનમાં અમલ કરતા હતા. મૃત્યુ ફક્ત ભૌતિક શરીરને લઈ લે છે, ખુદાઈ શક્તિઓને નહીં.

આપણે ખુદાની નજદીકીના કમાલાતથી દૂર છીએ અને માત્ર દુન્યવી જીવનમાંજ મર્યાદિત છીએ. આથી જ આપણે મૃત્યુને ઈન્સાની કમાલાતના સફરનો અંત ગણીએ છીએ.

આ ખોટી માન્યતાના આધારે, આપણે એહલેબૈત (અ.સ.)ને અલ્લાહે આપેલી કુદરતનો પણ ઈન્કાર કરીએ છીએ, જ્યારે ઈમામ અલી (અ.સ.) ફરમાવે છે: "ઘણી હકીકતો તમારા ઈન્કાર કરેલા વિષયોમાં જ છુપાયેલી છે."

આજ કારણે ઈમામ રેઝા (અ.સ.) એ એક વ્યક્તિને ભારપૂર્વક ફરમાવ્યું: "શું તું ખુદાની કુદરતનો ઈન્કાર કરે છે?" તેથી જરૂરી છે કે આપણે યકીન રાખવું જોઈએ અને આપણા સંપૂર્ણ વુજુદની સાથે સ્વીકારવું જોઈએ કે " اِنَّ اللهَ عَلٰى كُلِّ شَیءٍ قَدِیرٌ" (ખુદા દરેક વસ્તુ ઉપર સમર્થ છે).

અંતમાં ખુદાવંદે આલમની બારગાહમાં દોઆ છે કે અલ્લાહ બે હક્કે મોહમ્મદ વ આલે મોહમ્મદ (અ.મુ.સ.) ઈમામ અલી બિન મુસા અરરેઝા (અ.સ.)ના વારીસ હઝરત હુજ્જત ઈબ્નિલ હસન અલ અસ્કરી (અ.સ.)ના પૂરનૂર ઝુહુરમાં જલ્દી ફરમાવે. ઈલાહી આમીન.

## સવાલો:

1. આઠમાં ઈમામ (અ.સ.)ને "રેઝા"નો લકબ કોણે આપ્યો?
2. ઈમામ જાફર-એ-સાદિક (અ.સ.)એ ઈમામ રેઝા (અ.સ.)ના ગુણો વિશે કઈ ખાસ વાતો કરી છે?
3. કુરઆને મજીદ પયગમ્બરો અને ઈમામો (અ.મુ.સ.)ના ઈલ્મે ગૈબ (અદૃશ્ય ઈલ્મ) વિશે શું ફરમાવે છે? (બે આયતોનો ઉલ્લેખ કરો.)
4. ઈમામ રેઝા (અ.સ.)એ નેઅમતોનો શુક્ર અને માનવ જીવનમાં તેની અગત્યતા વિશે શું ફરમાવ્યું છે?

5. મામૂનની વલી અહદની (જવાબદારી) સ્વીકારવા માટે ઈમામ રેઝા (અ.સ.)એ કયા પયગમ્બર સાથેની સરખામણીનો દાખલો આપ્યો?